


RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 289
Dt.: 25-08-2025,
Monday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


### મહાયુતિમાં તિરાડ નિશ્ચિત?

## જાહેર મંચ પરથી ફડણવીસનો શિંદે પર કટાક્ષ, રાજકારણ ગરમાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મહારાષ્ટ્રમાં ફરી એકવાર રાજકારણમાં મોટો ફેરફાર થવાની પ્રબળ શક્યતાઓ જણાઈ રહી છે. મનસેના વડા રાજ ઠાકરેની મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ સાથેની મુલાકાતે પહેલાથી જ અટકળોનું બજાર ગરમ કરી દીધું છે. હવે સીએમ ફડણવીસે જાહેર સભામાં ડેપ્યુટી સીએમ એકનાથ શિંદેના વિભાગને જાહેરમાં ઠપકો આપતાં ચર્ચાઓ વધી છે કે, શું મહારાષ્ટ્રની મહાયુતિ સરકારમાં તિરાડ પડશે? શું શિંદેની શિવસેના મહાયુતિથી અલગ થશે અને ઉદ્ધવ ઠાકરેની શિવસેના એનડીએમાં પરત ફરશે? સીએમ ફડણવીસ અને રાજ ઠાકરે વચ્ચેની મુલાકાત અને શિંદેના વિભાગને આપવામાં આવેલી કડક ઠપકો કેટલાક મોટા રાજકીય સંકેતો આપી રહ્યા છે.મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે શહેરી વિકાસ વિભાગ-૨ (UDD-2) ની કામગીરી પર અસંતોષ વ્યક્ત કરતાં જાહેર સભામાં તેની ખરાબ કામગીરી વિશે ઠપકો આપ્યો હતો. તેમણે કેન્દ્ર સરકાર દ્વારા પ્રાયોજિત યોજનાઓની સમીક્ષા બેઠક દરમિયાન આ ટિપ્પણી કરી હતી. UDD-2 નું નેતૃત્વ ડેપ્યુટી સીએમ એકનાથ શિંદે કરી રહ્યા છે. મહિલા અને બાળ વિકાસ મંત્રી અદિતિ તટકરે, જાહેર આરોગ્ય રાજ્યમંત્રી મેઘના બોર્ડીકર સહિત ઘણા વિભાગોના મંત્રીઓ અને સચિવો બેઠકમાં હાજર રહ્યા હતા. જોકે, શિંદે પોતે બેઠકમાં ઉપસ્થિત ન હતાં. ફડણવીસે તમામ વિભાગોને કેન્દ્રીય યોજનાઓને ઝડપી ગતિએ અમલમાં મૂકવા નિર્દેશ આપ્યો હતો. તેમણે ખાસ કરીને UDD-2 ની ટીકા કરી હતી, જે મ્યુનિસિપલ સંસ્થાઓને લગતા કામનું ધ્યાન રાખે છે. મુખ્યમંત્રીએ AMRUT ૨.૦ (અટલ મિશન ફોર રિજુવેનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન) યોજનાઓમાં વિલંબ પર નારાજગી વ્યક્ત કરી હતી. આ યોજના ૨૦૨૧ માં શરૂ થઈ હતી અને માર્ચ ૨૦૨૬ સુધીમાં પૂર્ણ થવાની છે. મહારાષ્ટ્રને આ માટે કેન્દ્ર તરફથી ૯,૦૦૦ કરોડ રૂપિયાથી વધુ મળ્યા છે. મુખ્યમંત્રી ફડણવીસે અધિકારીઓને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, 'અમૃત મિશન હેઠળ, શહેરી વિસ્તારોમાં પાણી પુરવઠો, સ્વચ્છતા, ગ્રીન પાર્ક અને તળાવોના પુનરુત્થાન જેવા કામો કરવામાં આવી રહ્યા છે. આ મિશન નાગરિકોના જીવનમાં મોટો ફેરફાર લાવી શકે છે. તેથી, તમામ બાકી રહેલા કામો ૩૧ માર્ચ ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવા જોઈએ. બાકી વહીવટી મંજૂરી પણ તાત્કાલિક આપવી જોઈએ.' તેમણે ૧૫મા નાણા પંચ તરફથી મળેલા અનુદાન, પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના અને પ્રધાનમંત્રી આયુષ્માન ભારત આરોગ્ય માળખાગત મિશન જેવી આરોગ્ય સંબંધિત યોજનાઓની પણ સમીક્ષા કરી.મુખ્યમંત્રી ફડણવીસે વિભાગોને જરૂરી મંજૂરી મેળવ્યા વિના પ્રોજેક્ટ શરૂ ન કરવા, વિભાગો વચ્ચે વધુ સારું સંકલન બનાવવા અને જરૂર પડ્યે મુખ્યમંત્રી કાર્યાલયની મદદ લેવાનું સૂચન કર્યું હતું બીજી તરફ, શિંદેના વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે મંત્રીએ અધિકારીઓને પહેલેથી જ ચેતવણી આપી દીધી છે અને જવાબદારી નક્કી કરવાના આદેશો જાહેર કરાયા છે.

### TMC બાદ SPનો JPCનો બહિષ્કાર

## PM-CM અને મંત્રીઓને હટાવવાના બિલ મામલે વિપક્ષમાં અસમંજસ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વડાપ્રધાન, મુખ્યમંત્રી અને મંત્રીઓને ૩૦ દિવસની ધરપકડના કિસ્સામાં તેમના પદ પરથી દૂર કરવાના બિલ અને બંધારણીય સુધારાઓ પર રચાયેલી સંયુક્ત સંસદીય સમિતિ (JPC) ને શનિવારે વિરોધ પક્ષોએ મોટો ઝટકો આપ્યો છે. તૃણમૂલ કોંગ્રેસ (TMC) અને સમાજવાદી પાર્ટી (SP)એ આ JPCનો ભાગ બનવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો હતો. હવે વિપક્ષી એકતાના નામે કોંગ્રેસ પર દબાણ વધી રહ્યું છે. કોંગ્રેસ અત્યાર સુધી JPCમાં જોડાવા માટે તૈયાર હતી, પરંતુ SPના વલણથી પાર્ટીની અંદર શંકાઓ વધુ ઘેરી બની છે. ટીએમસી સાંસદ ડેરેક ઓ'બ્રાયને જેપીસીને સ્પષ્ટપણે નકારી કાઢી અને કહ્યું, 'મોદી ગઠબંધન એક ગેરબંધારણીય બિલની તપાસ માટે જેપીસી બનાવી રહ્યું છે. આ બધું નાટક છે.' JPCની ઉપયોગીતા પર સવાલો ઊઠાવતા ડેરેક ઓ'બ્રાયને કહ્યું કે, 'અગાઉ તેને જાહેર હિત અને જવાબદારી સુનિશ્ચિત કરવા માટે એક મજબૂત પદ્ધતિ તરીકે જોવામાં આવતું હતું. ૨૦૧૪ પછી JPCની ભૂમિકા ઘણી હદ સુધી પોકળ બની ગઈ છે. સરકારોએ તેનો ઉપયોગ રાજકીય હેતુઓ માટે કરવાનું શરૂ કર્યું છે, વિપક્ષના સુધારાઓને નકારી કાઢવામાં આવ્યા છે અને ચર્ચા માત્ર ઔપચારિકતા બની ગઈ છે.'

સપાના વડા અખિલેશ યાદવે પણ ટીએમસીને સમર્થન આપતા કહ્યું કે, 'બિલનો વિચાર ખોટો છે. આ બિલ રજૂ કરનાર વ્યક્તિ પોતે ઘણી વાર કહી ચૂક્યા છે કે તેમની સામે ખોટા કેસ દાખલ કરવામાં આવ્યા છે. જો કોઈ કોઈની સામે ખોટો કેસ દાખલ કરી શકે છે, તો આ બિલનો અર્થ શું છે? આ જ કારણ છે કે આઝમ ખાન, રમાકાંત યાદવ અને ઈરફાન સોલંકી જેવા સપા નેતાઓને જેલમાં ધકેલી દેવામાં આવ્યા.'

બિલ અંગે સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે કહ્યું કે, 'યુપીમાં જે બન્યું તેની જેમ, મુખ્યમંત્રી તેમના રાજ્યોમાં નોંધાયેલા ફોજદારી કેસ પાછા ખેંચી શકે છે. કાયદો અને વ્યવસ્થા રાજ્યનો વિષય હોવાથી કેન્દ્રનો આના પર કોઈ નિયંત્રણ રહેશે નહીં. કેન્દ્ર ફક્ત તે જ કેસોમાં હસ્તક્ષેપ કરી શકશે જે સીબીઆઈ, ઈડી વગેરે જેવી કેન્દ્રીય એજન્સીઓ દ્વારા નોંધાયેલા હોય.'

### બિહારમાં મુખ્યમંત્રીના ચહેરા મુદ્દે મૌન

## અમે વોટ ચોરી થવા દઈશું નહીં, રાહુલ ગાંધીનો ફરી ચૂંટણી પંચ પર સવાલ

(સંપૂર્ણ સમાચાર સેવા)અરરિયા

બિહારના અરરિયામાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને આરજેડીના નેતા તેજસ્વી યાદવે સંયુક્ત પત્રકાર પરિષદ યોજી હતી અને ચૂંટણી પંચ અને કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા.

ચૂંટણી પંચ પર આરોપ લગાવતા રાહુલ ગાંધીએ કહ્યું કે, દેશભરમાં વોટ ચોરી થઈ રહી છે અને ચૂંટણી પંચ આ અંગે મૌન છે. જ્યારે તેજસ્વી યાદવે કહ્યું કે, ચૂંટણી પંચ હવે ગોદી પંચ બની ગયું છે અને ભાજપના કાર્યકર તરીકે કામ કરી રહ્યું છે.

વોટ ચોરી અંગે લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે, હવે કરોડો લોકો માને છે કે વોટ ચોરી થઈ છે. કર્ણાટક, મહારાષ્ટ્ર અને હરિયાણામાં અમારી પાર્ટીને વોટર લિસ્ટ પણ આપવામાં આવી નથી. અમે કર્ણાટકમાં બતાવ્યું કે વોટ કેવી રીતે ચોરી થાય છે. અમે બિહારમાં વોટ ચોરી થવા દઈશું નહીં.

ચૂંટણી પંચને સવાલો પૂછતા રાહુલ ગાંધીએ કહ્યું,મેં કર્ણાટકના મહાદેવપુરા સંબંધિત ડેટા રાખ્યો હતો અને ચૂંટણી પંચને પૂછ્યું હતું કે ૧ લાખ નકલી મતદારો ક્યાંથી આવ્યા? ચૂંટણી પંચનો જવાબ હજુ સુધી આવ્યો નથી. મારી પ્રેસ કોન્ફરન્સની વચ્ચે, ચૂંટણી પંચે મારી પાસે સોગંદનામું માંગ્યું. થોડા દિવસો પછી, ભાજપના અનુરાગ ઠાકુરે પ્રેસ કોન્ફરન્સ કરી, પરંતુ ચૂંટણી પંચે તેમની પાસે સોગંદનામું માંગ્યું નહીં. મેં નકલી મતદારો વિશે વાત કરી, અનુરાગ ઠાકુરે પણ આ જ વાતનું પુનરાવર્તન કર્યું, પરંતુ ચૂંટણી પંચે તેમને સોગંદનામું ન માંગ્યું તે દર્શાવે છે કે ચૂંટણી પંચ તટસ્થ નથી. સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) વોટ ચોરીની એક પદ્ધતિ છે. બિહારમાં ૬૫ લાખ લોકોના નામ કાઢી નાખવામાં આવ્યા હતા, પરંતુ ભાજપ એક પણ ફરિયાદ કરી રહી નથી. આનું કારણ એ છે કે ચૂંટણી પંચ, ચૂંટણી કમિશનર અને ભાજપ વચ્ચે સાંઠગાંઠ છે. જો કે, તેમણે બિહારમાં મુખ્યમંત્રીના ચહેરાના સવાલ પર મૌન જાળવી રાખ્યું હતું.

આરજેડીના નેતા તેજસ્વી યાદવે ચૂંટણી પંચની નિષ્પક્ષતા પર સવાલો ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું કે, હવે ચૂંટણી પંચ એક ગોદી પંચ બની ગયું છે. તે ભાજપના કાર્યકર તરીકે કામ કરી રહ્યું છે. અમે જમીની સ્તરે ફર્યા છીએ અને ચૂંટણી પંચની વિશ્વસનીયતા સંપૂર્ણપણે ખતમ થઈ ગઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પણ નિશાન સાધતા તેજસ્વી યાદવે કહ્યું, અમે આજ સુધી ક્યારેય આવા જૂઠા પીએમ જોયા નથી. અફવાઓ ફેલાવવી એ તેમનું કામ છે. જ્યારે તે બિહાર આવ્યા ત્યારે તેમણે ઘુસણખોરોનો ઉલ્લેખ કર્યો હતો, પરંતુ ચૂંટણી પંચના સોગંદનામામાં એક પણ ઘુસણખોરનું નામ નથી.

ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી વોટ ચોરીનો વિરોધ કરતાં દેશભરમાં વોટર અધિકાર યાત્રા ઝુંબેશ શરૂ કરી છે. જેનો એક ઉદ્દેશ બિહારમાં મતદારોમાં જાગૃત્તિ તેમજ તેમના અધિકારોને મજબૂત બનાવવાના ઉદ્દેશ પણ છે. આ યાત્રા દરમિયાન વિવિધ જિલ્લામાં જનસભાઓ અને પ્રેસ કોન્ફરન્સ યોજી સંવાદ કરી રહ્યા છે. તેજસ્વી યાદવ અને અન્ય I.N.D.I.A મહાગઠબંધનના નેતાઓ પણ સામેલ થયા છે.

### કોમર્શિયલ ડ્રાઈવરો અંગે ટ્રમ્પનો મોટો નિર્ણય

## વર્ક વિઝા સસ્પેન્ડ થવાથી અમેરિકામાં મંડરાયું મોટું સંકટ

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકાના ફ્લોરિડામાં થયેલા અકસ્માતને કારણે રાષ્ટ્રપતિ ટ્રમ્પે કોમર્શિયલ ડ્રાઈવરો માટે વર્કર વિઝા સ્થગિત કરી દીધા હતા. પંજાબના કેબિનેટ મંત્રી સંજીવ અરોરાએ આ અંગે પ્રતિક્રિયા આપી છે. તેમણે કેન્દ્ર સરકારને પત્ર લખીને યુએસ સરકારને વાતચીત માટે અપીલ કરી છે. તેમણે પત્રમાં લખ્યું છે કે ફ્લોરિડામાં પંજાબી મૂળના ટ્રક ડ્રાઈવર દ્વારા થયેલા અકસ્માત બાદ અમેરિકાએ કોમર્શિયલ ડ્રાઈવરોના વર્ક વિઝા બંધ કરી દીધા હતા. આનાથી ૧.૫ લાખ પંજાબી ડ્રાઈવરોની આજીવિકા જોખમમાં મુકાઈ ગઈ છે. વિદેશ મંત્રાલય અને ભારતીય દૂતાવાસે તાત્કાલિક અમેરિકન સરકાર સાથે વાત કરવી જોઈએ અને વિઝા પુનઃસ્થાપિત કરવા જોઈએ. એક ઘટનાના આધારે સમગ્ર પંજાબી સમુદાયને સજા આપવી ખોટી છે. તમને જણાવી દઈએ કે અમેરિકાની ટ્રમ્પ સરકારે ૨૧ ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ કોમર્શિયલ ટ્રક ડ્રાઈવરો માટે વર્કર વિઝા H-2B, E-2 અને EB-3 જાહેર કરવા પર પ્રતિબંધ મૂક્યો હતો. આ વિઝા તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ વિઝા સસ્પેન્ડ કરવાનું કારણ રાષ્ટ્રીય સુરક્ષા, માર્ગ સલામતી અને અમેરિકન ટ્રક ડ્રાઈવરોના અધિકારોનું રક્ષણ ગણાવ્યું હતું. તેમણે જણાવ્યું કે ૧૨ ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ ફ્લોરિડા ટર્નપાઈક પર એક માર્ગ અકસ્માત થયો હતો. એક ડ્રાઈવર હરજિંદર સિંહે હાઈ-વેની વચ્ચે ખોટો યુ-ટર્ન લીધો અને એક કાર તેના ટ્રક સાથે અથડાઈ. આ અકસ્માતમાં ૩ લોકોના મોત થયા. તપાસમાં જાણવા મળ્યું કે તે ગેરકાયદેસર રીતે અમેરિકા આવ્યો હતો અને તેને ગેરકાયદેસર રીતે ડ્રાઈવિંગ લાઈસન્સ આપવામાં આવ્યું હતું. તમને જણાવી દઈએ કે H-2B (કામચલાઉ બિન-કૃષિ કાર્ય), E-2 (રોકાણકાર વિઝા) અને EB-3 (કાયમી નોકરી માટે ગ્રીન કાર્ડ) સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જોકે વિઝા સસ્પેન્શનનો આદેશ હાલના વિઝા ધારકોને લાગુ પડશે નહીં, નવા વિઝા જાહેર કરવામાં આવશે નહીં કે અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં. અમેરિકન ટ્રકિંગ એસોસિએશન (ATA) અને ઓનર-ઓપરેટર ઈન્ડિપેન્ડન્ટ ડ્રાઈવર્સ એસોસિએશન (OOIDA) એ ટ્રમ્પ સરકારના નિર્ણયને ટેકો આપ્યો છે.

### પુતિન જ નહીં ઝેલેન્સ્કી પણ આવશે ભારત

## ટ્રમ્પે વિચાર્યું પણ નહીં હોય એવડો મોટો ઝટકો મળશે!

**મોદીએ ગત વર્ષે ઓગસ્ટમાં પોતાના યુક્રેન પ્રવાસ વખતે યુક્રેનના રાષ્ટ્રપતિને ભારત આવવાનું આમંત્રણ આપ્યું હતું**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રશિયા યુક્રેન યુદ્ધ વચ્ચે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સ્કી ભારતની મુલાકાતે આવવાના છે. તેની પુષ્ટિ ભારતમાં યુક્રેનના રાજદૂત એલેસ્ઝેન્ડર પોલિશચુકે શનિવારે મોડી રાતે કરી. તેમણે જણાવ્યું કે ઝેલેન્સ્કી જલદી ભારત આવશે. તેમના પ્રવાસની તારીખો જો કે હજુ જાહેર થઈ નથી. આ અંગે હાલ બંને દેશો વચ્ચે વાતચીત ચાલુ છે. ઝેલેન્સ્કીના આવવાના સમાચાર એવા સમયે આવ્યા છે કે જ્યારે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિનના આવવાની પુષ્ટિ પહેલેથી જ થઈ ગઈ છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગત વર્ષ ઓગસ્ટમાં પોતાની કીવ યાત્રા દરમિયાન યુક્રેની રાષ્ટ્રપતિને ભારત આવવાનું નિમંત્રણ આપ્યું હતું. ઝેલેન્સ્કીના આ સંભવિત પ્રવાસને પીએમ મોદીના તે નિમંત્રણ સાથે જોડવામાં આવી રહ્યું છે. ૨૩ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ પ્રધાનમંત્રીએ યુક્રેનનો ઐતિહાસિક પ્રવાસ કર્યો હતો. તેમણે રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી સાથે મુલાકાત કરી હતી. બંને નેતાઓની અનેકવાર આંતરરાષ્ટ્રીય શિખર સંમેલનોમાં મુલાકાત થઈ ચૂકી છે. પોલીશચુકે કહ્યું કે ભારત અને યુક્રેન વચ્ચે ભવિષ્યની રણનીતિક ભાગીદારીની જાહેરાત સંબંધે, મારો વિશ્વાસ કરો, અમારી પાસે અનેક ક્ષમતાઓ છે. ભારતીય પ્રધાનમંત્રીએ ઝેલેન્સ્કીને ભારત આવવા માટે આમંત્રણ આપ્યું. બંને પક્ષ આ અંગે કામ કરી રહ્યા છે. અમે ચોક્કસપણે રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીના ભારતમાં આવવાની આશા રાખીએ છીએ. તે આપણા દ્વિપક્ષીય સંબંધોમાં એક મોટી ઉપલબ્ધી હશે. અમે એક સટીક તારીખ પર સહમત થવાની કોશિશ કરી રહ્યા છીએ. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર ટેરિફ બોમ્બ ઝીંક્યા બાદ અને પાછો ૫૦ ટકા સુધીનો ટેરિફ લગાવ્યા બાદ પીએમ મોદી સતત એક્શન મોડમાં છે. રશિયા સાથે ભારતનો સંબંધ ઘણો જૂનો છે. બંને દેશો વચ્ચે સારો સમન્વય પણ છે. પીએમ મોદી અને પુતિનની મિત્રતા પણ જગજાહેર છે. જે અમેરિકાને પસંદ નથી. તેણે રશિયા પાસેથી ઓઈલની ખરીદીને લઈને ભારત પર ટેરિફ નાખ્યો છે. અમેરિકી રાષ્ટ્રપતિએ હાલમાં જ પુતિન અને ઝેલેન્સ્કી સાથે મુલાકાત કરી છે. પરંતુ આ યુદ્ધ તેઓ સમાપ્ત કરી શક્યા નહીં. હવે દુનિયાની નજર ભારત પર છે.

જો પુતિન અને ઝેલેન્સ્કીના ભારત આવવાથી શાંતિ સ્થપાય તો આ એક મોટી ઉપલબ્ધિ હશે. પીએમ મોદી હંમેશાથી બંને દેશો વચ્ચે શાંતિના હિમાયતી રહ્યા છે.


નવસર્જન સંસ્કૃતિ
ગુજરાતી
JioTV
CHENNAL NO. 3048
TATA PLAY
CHENNAL NO. 2119
Jio Air Fiber
Jio Tv +
Jio Fiber
Daily Hunt
ebaba Tv
Dish Plus
DTH live OTT
Rock TV
Airtel
Amezone Fire
Rocu Tv-US.UK
દેશ-દુનિયાના મહત્વપૂર્ણ સમાચારોની
માહિતી મેળવવા માટે આજે જ
નવસર્જન સંસ્કૃતિ ગુજરાતી ચેનલ નિહાળો


### સેનાએ પણ કરી મદદ

## ગગનયાન મિશનની તૈયારીઓ તેજ, ISROએ કર્યું પહેલું સફળ એર ડ્રોપ ટેસ્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈસરોએ ગગનયાન મિશન માટે તૈયારીઓ તેજ કરી દીધી છે. રવિવારે ઈસરોએ પેરાશૂટ-આધારિત ડિસેલેરેશન સિસ્ટમનું પ્રદર્શન કર્યું. આ અંતર્ગત એર ડ્રોપ સિસ્ટમનું સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું. સશસ્ત્ર દળોએ ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થા (ISRO) ને પણ તેના માટે મદદ કરી હતી. ISRO એ X પર લખ્યું કે ગગનયાન મિશન માટે પેરાશૂટ-આધારિત ડિસેલેરેશન સિસ્ટમના સંપૂર્ણ પ્રદર્શન માટે પ્રથમ સંકલિત એર ડ્રોપ ટેસ્ટ સફળતાપૂર્વક પૂર્ણ થયું. આ પરીક્ષણ ISRO, ભારતીય વાયુસેના, DRDO, ભારતીય નૌકાદળ અને ભારતીય કોસ્ટ ગાર્ડના સંયુક્ત પ્રયાસોથી હાથ ધરવામાં આવ્યું હતું. ગગનયાન દેશનું પ્રથમ માનવ અંતરિક્ષ ઉડાન મિશન છે જેના હેઠળ ચાર અંતરિક્ષયાત્રીઓને અંતરિક્ષ યાત્રા પર લઈ જવામાં આવશે. આ વર્ષે અંતરિક્ષયાન લોન્ચ કરવાની યોજના છે. પહેલા માનવરહિત પરીક્ષણ ઉડાન થશે, જેમાં વ્યોમમિત્ર રોબોટ મોકલવામાં આવશે. ગગનયાન મિશન ત્રણ દિવસનું છે. મિશન માટે માનવોને ૪૦૦ કિમીના નીચા પૃથ્વી ભ્રમણકક્ષામાં અંતરિક્ષમાં મોકલવામાં આવશે અને પછી સુરક્ષિત રીતે પૃથ્વી પર પાછા લાવવામાં આવશે. તાજેતરમાં ISRO એ ગગનયાન મિશન માટે સર્વિસ મોડ્યુલ પ્રોપલ્શન સિસ્ટમ (SMPS) નું કામ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું. ગરમ પરીક્ષણ દરમિયાન, પ્રોપલ્શન સિસ્ટમનું પ્રદર્શન આગાહી મુજબ સામાન્ય હતું. ISRO અનુસાર, ગગનયાનના સર્વિસ મોડ્યુલમાં એક ખાસ સિસ્ટમ સ્થાપિત કરવામાં આવી છે જે બે પ્રકારના ઈંધણ પર ચાલે છે. આ સિસ્ટમ તે ભાગને મદદ કરે છે જે મનુષ્ય સાથે અંતરિક્ષમાં જશે. તેનું કામ રોકેટને યોગ્ય ભ્રમણકક્ષામાં લઈ જવાનું, ઉડાન દરમિયાન દિશા નિયંત્રિત કરવાનું, જરૂર પડ્યે રોકેટની ગતિ ધીમી કરવાનું અને જો કોઈ સમસ્યા હોય તો મિશનને અધવચ્ચે જ બંધ કરવાનું અને અંતરિક્ષયાત્રીઓને સુરક્ષિત રીતે પાછા લાવવાનું છે. ISRO ની આગામી યોજનાઓનો બ્લુપ્રિન્ટ પણ પ્રકાશમાં આવ્યો. ગગનયાન-૧ મિશન વર્ષના અંત સુધીમાં લોન્ચ કરવામાં આવશે, જેમાં માનવ-રોબોટ વ્યોમમિત્ર અંતરિક્ષમાં જશે. ભારત ૨૦૨૭ માં તેની પ્રથમ માનવયુક્ત અંતરિક્ષ ઉડાન ભરશે. ત્યારબાદ ૨૦૨૮ માં ચંદ્રયાન-૪, શુક્ર મિશન અને ૨૦૩૫ સુધીમાં ભારતીય અંતરિક્ષ સ્ટેશનની સ્થાપના કરવામાં આવશે. મંત્રીએ કહ્યું કે ૨૦૪૦ સુધીમાં ચંદ્ર પર ભારતીય અંતરિક્ષયાત્રી મોકલવાનું લક્ષ્ય છે.

# તંત્રી લેખ......

## સ્કૂલમાં હત્યાકાંડ : હજુએ નહીં જાગીએ તો મોડું થશે

અમદાવાદની ઘટનાની ચર્ચા ચારેકોર છે. એક તો શાળામાં વિદ્યાર્થીએ વિદ્યાર્થીની હત્યા કરી છે. મૃતકના વાલી શોકગ્રસ્ત હોય અને અન્ય વિદ્યાર્થીઓના વાલી-વિદ્યાર્થી પોતે પણ ડરી જાય તે સ્વાભાવિક છે. ઘટના છે પણ એવી કે કોમી એકતાનાં આદર્શની વાત સંપૂર્ણપણે ઊભી રહે તેમ નથી. સવાલ એ છે કે, શાળામાં છાત્રની હત્યા થાય એટલી હદે બાળમાનસ કઈ રીતે વિકૃત થઈ ગયું હશે ? સમાજ કઈ દિશામાં જઈ રહ્યો છે ? શિક્ષણ જેને કહીએ છીએ તે પ્રવૃત્તિ આટલી ખોખલી અને નમાલી છે? શિક્ષણ અને શિક્ષકનો મૂળ હેતુ સારા ડોક્ટર, એન્જિનીયર્સ નિર્માણ કરવાનો જ નથી તેનું મુખ્ય કાર્ય તો સારા મનુષ્યો સમાજને મળે તે છે, પરંતુ શિક્ષણનું વધુ પડતું નિજીકરણ અને વિશેષતઃ જેમનો વ્યવસાય શિક્ષણ નથી તેમના હાથમાં આ વ્યવસ્થા આવી એટલે એક પવિત્ર ક્ષેત્ર ધંધાકીય હરીફાઈનું માધ્યમ બન્યું. એક વિદ્યાર્થીની હત્યા તો કરુણ ઘટના છે જ, પરંતુ આ બનાવ સમગ્ર શિક્ષણ વ્યવસ્થા સામેનો મોટો પ્રશ્નાર્થ છે. એક વિદ્યાર્થી પોતાના દફતરમાં હથિયાર લઈને આવે તેમાં પદ્ધતિ કે શાળા શું કરે? સામે એ વાત છે કે, વિદ્યાર્થી અવસ્થામાં કોઈ આટલી હદે ન જાય તેવું વાતાવરણ કરવામાં શાળા, શિક્ષણક્ષેત્ર સફળ થયા નથી. આ આદર્શ લાગે તેવી વાત છે, પરંતુ નક્કર વાસ્તવિકતા છે. સ્કૂલમાં ભણવા, શીખવા જવાનું હોય તે જાગૃતિ નથી, તેથીય વધારે અણીદાર સવાલ છે કે, એવી કઈ બાબત છે જેને લીધે વિદ્યાર્થીમાં આટલું ખુન્નસ ઉત્પન્ન થયું? રમત રમવાની ઉંમરે કોઈના રામ રમાડી દેવાની વિકૃતિ કેવી રીતે આવી ? તેમાં ફક્ત ધર્મ-કોમ જ નહીં, સામાજિક માળખું જવાબદાર છે. આ કિસ્સામાં અલબત્ત આરોપીનો ધર્મ ચર્ચામાં છે, તેને અવગણી શકાય નહીં. આવા કિસ્સા દેશભરમાં બનતા રહે છે. એક તરફ ઉશ્કેરાયેલા વાલીઓ સતત એવી માગણી કરી રહ્યા છે કે, આ સ્કૂલમાંથી અમુક ધર્મના વિદ્યાર્થીઓને નિષ્કાશિત કરો. ટૂંકાગાળાનો ઉકેલ આ હોઈ પણ શકે, પરંતુ માગણી તો એ પણ થવી જોઈએ કે, વિદ્યાર્થીઓનું ઘડતર વ્યવસ્થિત થાય, તેમના મનોવલણો સાથે શિક્ષકો અનુકૂલન સાધે, જરૂર પડયે તેમનું કાઉન્સેલિંગ થાય. વિદ્યાર્થી અવસ્થામાં કોઈ છરી કે ઘાતક હથિયાર લઈને જાય, મારી પણ દે તે પડકાર સમાજચિંતકો, શિક્ષણવિદો સામે મોટો છે. કિશોરવયે આટલી હિંસક પ્રકૃતિ શા માટે થઈ ? તે મૂળ સમસ્યા છે. સોશિયલ મીડિયા, ફિલ્મો, વેબસિરીઝને આરોપી બનાવવા હોય તો બનાવી જ શકાય સાથે જ પેરેન્ટિંગ- બાળકનો ઉછેર, ઘરનું વાતાવરણ પણ સૌથી મોટો ભાગ ભજવે છે. વિદ્યાર્થીઓને નાની વયે વાહન અને મોબાઈલ જેવા સાધનો આપીને ક્યાંક આપણે ભૂલ નથી કરતા ને? તેવો સવાલ વાલીઓને થવો જોઈએ. ગહન મનોવૈજ્ઞાનિક અભ્યાસ કરીને, શિક્ષકો, સામાજિક અગ્રણીઓ, વાલીઓ, શિક્ષણવિદો એકઠા થઈને આ મુદ્દે વિચાર કરે તે જરૂરી છે. દેશના ઈતિહાસમાંથી ભૂલો શોધવાને બદલે વર્તમાનની ભૂલો શોધી, ભવિષ્ય સુરક્ષિત બનાવવું વધારે હિતાવહ છે.

એક દાયકાથી ટીમનો આધારસ્તંભ હતો પૂજારા

# ચેતેશ્વર પૂજારાએ ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી સંન્યાસનું કર્યું એલાન

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતના દિગ્ગજ ક્રિકેટર ચેતેશ્વર પૂજારાએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. તેમણે રવિવારે (૨૪ ઓગસ્ટ) સોશિયલ મીડિયા પર એક ભાવનાત્મક પોસ્ટ પોસ્ટ કરીને પોતાની નિવૃત્તિની માહિતી આપી હતી.

તેમણે ટીમ ઈન્ડિયા માટે ૧૦૩ ટેસ્ટ મેચમાં ૧૯ સદી ફટકારી હતી. આ દરમિયાન પૂજારાએ ૪૩.૬૦ ની સરેરાશથી ૭૧૯૫ રન બનાવ્યા હતા. તેમણે ૩૫ અડધી સદી પણ ફટકારી હતી. પૂજારાએ ૨૦૧૦ માં ઓસ્ટ્રેલિયા સામે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રવેશ કર્યો હતો. તેમણે ૨૦૨૩માં ઓસ્ટ્રેલિયા સામે પોતાની છેલ્લી મેચ પણ રમી હતી.

ભાવનાત્મક નિવેદનમાં પૂજારાએ કહ્યું કે ભારતીય જર્સી પહેરવી, રાષ્ટ્રગીત ગાવું અને મેદાન પર દરેક વખતે પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરવું એ એક એવો અનુભવ હતો જે શબ્દોમાં વર્ણવી શકાય નહીં. ચાહકોનો તેમના સતત પ્રેમ અને સમર્થન માટે આભાર માનતા, તેમણે કહ્યું કે આ પ્રકરણનો અંત આવતાની સાથે તેઓ ખૂબ જ કૃતજ્ઞતાથી ભરપૂર છે. પૂજારા જે એક દાયકાથી વધુ સમય સુધી ભારતીય ટેસ્ટ ટીમનો આધારસ્તંભ હતો, તેમની શાંત હાજરી અને અટલ એકાગ્રતાએ તેમને પોતાની પેઢીના સૌથી વિશ્વસનીય બેટ્સમેનોમાંનો એક બનાવ્યો. ભારતે ઘણા મહાન સ્ટ્રોક-મેકર્સ આપ્યા છે, પરંતુ પુજારાની ઈનિંગ્સ સંભાળવાની અને દબાણનો સામનો કરવાની ક્ષમતાની બરાબરી બહુ ઓછા લોકોએ કરી છે.



૨૦૧૮-૧૯માં ઓસ્ટ્રેલિયામાં ભારતની ઐતિહાસિક પ્રથમ ટેસ્ટ શ્રેણી જીત માટે તેમને હંમેશા યાદ રાખવામાં આવશે. તેમણે તે સીરિઝમાં ૧૨૫૮ બોલનો સામનો કરીને ૫૨૧ રન બનાવ્યા અને ત્રણ સદી ફટકારી. તેમનું યોગદાન નોંધપાત્ર હતું, જે ૧૯૭૦-૭૧માં વેસ્ટ ઈન્ડીઝમાં સુનીલ ગાવસ્કરના પ્રતિષ્ઠિત ૭૭૪ રન સાથે સરખાવી શકાય.

પુજારાએ લખ્યું, "રાજકોટના એક નાના શહેરમાંથી આવનાર એક નાનકડા યુવકના રૂપમાં મારા માતા-પિતા સાથે હું સ્ટાર્સ માટે લક્ષ્ય રાખતો હતો અને ભારતીય ક્રિકેટ ટીમનો ભાગ બનવાનું સ્વપ્ન જોતો હતો. ત્યારે મને ખબર નહોતી કે આ રમત મને આટલી બધી વસ્તુઓ આપશે - અમૂલ્ય તકો, અનુભવ, હેતુ, પ્રેમ, અને સૌથી વધુ મારા રાજ્ય અને આ મહાન રાષ્ટ્રનું પ્રતિનિધિત્વ કરવાની તક. ભારતીય જર્સી પહેરીને, રાષ્ટ્રગીત ગાતી વખતે અને મેદાન પર ઉતરતી વખતે મારું શ્રેષ્ઠ પ્રદર્શન કરતી વખતે - તેનો ખરેખર અર્થ શું છે તે શબ્દોમાં વર્ણવવું અશક્ય છે. પરંતુ જેમ તેઓ કહે છે, બધી સારી વસ્તુઓનો અંત આવવો જ જોઈએ અને અપાર કૃતજ્ઞતા સાથે મેં ભારતીય ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય લીધો છે." BCCI અને ક્રિકેટ એસોસિએશનનો આભાર માનતા પૂજારાએ કહ્યું, "મારી ક્રિકેટ કારકિર્દીમાં મને મળેલી તક અને સમર્થન માટે હું BCCI અને સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનનો આભાર માનું છું. હું વર્ષોથી જે ટીમોનું પ્રતિનિધિત્વ કરી શક્યો છું તે બધી ટીમો, ફ્રેન્ચાઈઝીઓ અને કાઉન્ટી ટીમોનો પણ આભારી છું. મારા ગુરુઓ, કોચ અને આધ્યાત્મિક ગુરુના અમૂલ્ય માર્ગદર્શન વિના હું અહીં સુધી પહોંચી શક્યો ન હોત. હું હંમેશા તેમનો ઋણી રહીશ. મારા બધા સાથી ખેલાડીઓ, સપોર્ટ સ્ટાફ, નેટ બોલરો, વિશ્લેષકો, લોજિસ્ટિક્સ ટીમ, અમ્પાયરો, ગ્રાઉન્ડ સ્ટાફ, સ્કોરર્સ, મીડિયા કર્મચારીઓ અને પડદા પાછળ અથાક મહેનત કરનારા બધાનો ખૂબ ખૂબ આભાર જેથી આપણે આ સુંદર રમતમાં સ્પર્ધા કરી શકીએ અને રમી શકીએ. મારા પ્રાયોજકો, ભાગીદારો અને મેનેજમેન્ટ ટીમનો - વર્ષોથી મારામાં તમારી વફાદારી અને વિશ્વાસ માટે અને મારી મેદાન બહારની પ્રવૃત્તિઓનું ધ્યાન રાખવા બદલ હું તમારો ખૂબ ખૂબ આભારી છું." આ રમત મને આખી દુનિયામાં લઈ ગઈ છે અને ચાહકોનો ઉત્સાહી ટેકો અને ઉર્જા હંમેશા મારી સાથે રહી છે. હું જ્યાં પણ રમ્યો છું ત્યાંથી મળેલી શુભકામનાઓ અને પ્રેરણા માટે હું અભિભૂત છું અને હંમેશા આભારી છું. અલબત્ત, મારા પરિવાર - મારા માતાપિતા, મારી પત્ની પૂજા, મારી પુત્રી અદિતિ, મારા સાસરિયાં અને મારા પરિવારના બાકીના સભ્યો - ના અસંખ્ય બલિદાન અને અતૂટ સમર્થન વિના આ કંઈ પણ શક્ય કે અર્થપૂર્ણ ન હોત, જેમણે આ સફરને ખરેખર સાર્થક બનાવી છે. હું મારા જીવનમાં આગામી પડાવની રાહ જોઈ રહ્યો છું. તમારા બધાના પ્રેમ અને સમર્થન માટે આભાર.''

ટિકિટ બુકિંગ ૨૫ ઓગસ્ટ (સોમવાર) થી શરૂ થશે

# ૨૮ ઑગસ્ટે ભાવનગરથી મુંબઈ સેન્ટ્રલ માટે દોડશે ''સ્પેશિયલ ટ્રેન''

પર્યુષણ પર્વ દરમિયાન થતી ભીડને સમાયોજિત કરવા અને યાત્રીઓની સુવિધા માટે પશ્ચિમ રેલવે દ્વારા ભાવનગર ટર્મિનસ અને મુંબઈ સેન્ટ્રલ વચ્ચે ખાસ ભાડે ''સ્પેશિયલ ટ્રેન'' ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા મુજબ આ વિશેષ ટ્રેનની વિગતો નીચે મુજબ છેઃ—

- ટ્રેન નંબર ૦૯૦૮૮/ ૦૯૦૮૭ ભાવનગર ટર્મિનસ – મુંબઈ સેન્ટ્રલ સુપરફાસ્ટ સ્પેશિયલ

ટ્રેન નંબર ૦૯૦૮૭ મુંબઈ સેન્ટ્રલ - ભાવનગર ટર્મિનસ સુપરફાસ્ટ સ્પેશિયલ ૨૭ ઑગસ્ટ, ૨૦૨૫ (બુધવાર)ના રોજ મુંબઈ સેન્ટ્રલથી બપોરે ૧૨.૦૦ વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે સવારે ૦૫.૪૫ વાગ્યે ભાવનગર ટર્મિનસ પહોંચશે.

આ જ રીતે, ટ્રેન નંબર ૦૯૦૮૮ ભાવનગર ટર્મિનસ – મુંબઈ સેન્ટ્રલ સુપરફાસ્ટ સ્પેશિયલ ૨૮ ઑગસ્ટ, ૨૦૨૫ (ગુરૂવાર)ના રોજ ભાવનગર ટર્મિનસથી સાંજે ૧૭.૪૫ વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે સવારે ૦૭.૩૦ વાગ્યે મુંબઈ સેન્ટ્રલ પહોંચશે.

આ ટ્રેન બંને દિશામાં સિહોર (ગુજરાત), સોનગઢ, ધોલા, બોટાદ, વિરમગામ, અમદાવાદ, આણંદ જં., વડોદરા, સુરત, વલસાડ, વાપી, પાલઘર અને બોરીવલી સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એ.સી. ૨-ટિયર, એ.સી. ૩-ટિયર અને સ્લીપર શ્રેણીના કોચ રહેશે. ટ્રેન નંબર ૦૯૦૮૭ અને ૦૯૦૮૮ માટે ટિકિટોની બુકિંગ ૨૫.૦૮.૨૦૨૫ (સોમવાર) બપોરે ૧૫.૦૦ વાગ્યે થી યાત્રી આરક્ષણ કેન્દ્રો તથા આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થશે. આ ટ્રેનના ઠહરાવ, સંરચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને વેબસાઈટ www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અમદાવાદમાં આગમનને લઈ કેટલાક રૂટ બંધ કરાયા : કેટલાક વૈકલ્પિક રૂટ જાહેર કરાયા

પ્રતિનિધિ,ગાંધીનગર

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજથી ગુજરાતના બે દિવસના પ્રવાસે આવી રહ્યા છે. ત્યારે અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર દ્વારા એક મહત્વપૂર્ણ જાહેરનામુ બહાર પાડવામાં આવ્યુ છે.



આ જાહેરનામુ વડાપ્રધાનના નિકોલ ખાતેના જાહેરસભા કાર્યક્રમને ધ્યાનમાં રાખીને પ્રસિધ્ધ કરવામાં આવ્યુ છે. આજે તા. ૨૫ મી ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ સાંજે ૫ વાગ્યાથી રાત્રીના ૧૦ વાગ્યા સુધી આ ટ્રાફીક પ્રતિબંધો અમલમાં રહેશે. બંધ કરવામાં આવેલા રૂટો તરફ તજર કરીએ તો (૧) નરોડા થી નિકોલ તરફ જઈ રહેલા વાહન ચાલકો માટે નરોડા પાટીયાથી અમદાવાદ દહેગામ રોડ બંધ કરવામાં આવ્યો છે (૨) અમદાવાદ-મહેસાણા હાઈવે અને અમદાવાદ-વડોદરા એકસપ્રેસ હાઈવે થઈને રીંગરોડ સર્કલથી એસપી રીંગ રોડની ડાબી બાજુએ થઈને નિકોલ તરફનો માર્ગ બંધ રાખવામાં આવ્યો છે (૩) રીંગ રોડ સર્કલથી નિકોલ તરફ તેમજ મેમકો ચાર રસ્તાથી નિકોલ તરફ આવવા માટે પણ વાહન વ્યવહાર પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જયારે વાહન ચાલકોની સુવિધા માટે વૈકલ્પિક માર્ગ ચાલુ રાખવામાં આવ્યો છે, જેમાં (૧) નરોડા પાટીયાથી આવતા વાહન ચાલકો સીટીએમ ચાર રસ્તા, હાટકેશ્વર થઈનો નારોલ તરફ જઈ શકે છે (૨) રીંગ રોડ સર્કલ થી આવતા વાહનો કઠવાડા સર્કલ અને નવો રીંગ રોડ થઈનો નારોલ તરફનો રસ્તો ઉપયોગમાં લઈ શકશે (૩) મેમકો ચાર રસ્તા થી આવતા વાહન ચાલકો બાપુનગર, કાગડાપીઠ થઈને નારોલ તરફના માર્ગનો ઉપયોગ કરી શકશે.

# આજે રાજયના ૨૫ જિલ્લાઓમાં વરસાદ તબાહી મચાવશેઃ સાબરકાંઠા, અરવલ્લી અને બનાસકાંઠા જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયા

પ્રતિનિધિ,ગાંધીનગર

હવામાન વિભાગની આગાહી મુજબ આજે ૨૫ ઓગસ્ટના રોજ બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, અરવલ્લી અને મોરબી જિલ્લામાં છુટાછવાયા સ્થળોએ ભારે થી અતિભારે વરસાદ પડવાની સંભાવના છે. જેને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા ઓરેન્જ એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યુ છે.



આ ઉપરાંત રાજયના અન્ય ૧૭ જિલ્લાઓ માં મહેસાણા, ગાંધીનગર, ખેડા, મહિસાગર, દાહોદ, પંચમહાલ, અમદાવાદ, સુરેન્દ્રનગર, ભાવનગર, જામનગર, દેવભુમિ દ્વારકા, કચ્છ, નવસારી, ડાંગ, વલસાડ, દમણ અને દાદરાનગર હવેલીમાં પણ આજે છુટાછવાયા સ્થળોએ ભારે વરસાદ થવાની શકયતા છે. જેના માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યુ છે. આ આગાહીને પગલે સ્થાનિક વહિવટી તંત્ર ને સાવચેતીના પગલા લેવા માટે સુચના આપવામાં આવી છે. હવામાન વિભાગે રાજયમાં ૨૪ થી ૩૦ ઓગસ્ટ સુધી ભારે થી અતિભારે વરસાદ થવાની શકયતાઓ વ્યકત કરી છે.

ખાસ કરીને ઉત્તર ગુજરાત અને ઉત્તર સૌરાષ્ટ્રમાં મેઘરાજા મન મુકીને વરસશે. હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી મુજબ આગામી ૭ દિવસ એટલે કે ૨૪ ઓગસ્ટથી ૩૦ ઓગસ્ટ સુધી રાજયભરમાં ભારે થી અતિભારે વરસાદની સંભાવના છે. આ વરસાદની સૌથી વધુ અસર ઉત્તર ગુજરાત અને ઉત્તર સૌરાષ્ટ્રના વિસ્તારોમાં જોવા મળશે. જયાં અતિ ભારે વરસાદની શકયતા છે.

આ ઉપરાંત સૌરાષ્ટ્ર, કચ્છ અને મધ્ય ગુજરાતના કેટલાક ભાગોમાં આગામી ૨૪ કલાકમાં ભારે વરસાદ પડવાની સંભાવના છે. હવામાન વિભાગે માછીમારોને પણ સાવચેત રહેવા જણાવ્યુ છે અને આગામી દિવસોમાં દરીયો ન ખેડવાની સુચના આપી છે. કારણ કે દરીયાકાંઠે ૪૦ થી ૫૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાઈ શકે છે. આ પરીસ્થિતિને ધ્યાનમાં રાખીને બંદરો પર સીંગ્નલ-૩ લગાડવામાં આવ્યુ છે.

# અનિશ દયાલ સિંહની નાયબ NSA તરીકે નિમણૂક કરાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્ર સરકારે કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળ (CRPF) અને ભારતીય-તિબેટિયન સીમા પોલીસ (ITBP)ના પૂર્વ ડિરેક્ટર જનરલ અનિશ દયાલ સિંહની નાયબ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) તરીકે નિમણૂક કરી છે. સરકારે તમને દેશની આંતરિક બાબતો સંભાળવાની જવાબદારી સોંપી છે. અનિશ દયાલ સિંહ એક ભારતીય પોલીસ અધિકારી છે, તેમણે CRPFના ડિરેક્ટર જનરલ તરીકે મહત્ત્વની ભૂમિકા નિભાવી ચૂક્યા છે. તેઓ ડિસેમ્બર-૨૦૨૪માં નિવૃત્ત થયા હતા. તેઓ ૧૯૮૮ બેચના ભારતીય પોલીસ સેવા (IPS) અધિકારી છે અને મણિપુર કેડરના છે. CRPFના વડા બનતા પહેલા તેમણે ITBPના ડિરેક્ટર જનરલ તરીકે પણ ફરજ નિભાવી હતી. તેમણે આઈટીબીપીમાં પદ સંભાળ્યું તે પહેલા ઈન્ટેલિજન્સ બ્યુરો (IB)માં લગભગ ૩૦ વર્ષ સેવા આપી છે. પછી તેમણે તાજેતરમાં જ સીઆરપીએફમાં નેતૃત્વ સંભાળ્યું હતું. મીડિયા રિપોર્ટ મુજબ, નાયબ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર બનેલા અનિશ દયાલ સિંહ જમ્મુ-કાશ્મીર, નક્સલવાદ અને પૂર્વોત્તરમાં ઉગ્રવાદ સહિત દેશની આંતરિક બાબતોમાં પ્રભારીની જવાબદારી સંભાળશે. જ્યારે અનિશ દયાલ સીઆરપીએફમાં ડિરેક્ટર જનરલ હતા, ત્યારે તેમણે પોતાના કાર્યકાળ દરમિયાન અનેક મહત્ત્વની ભૂમિકા નિભાવી હતી. આ દરમિયાન તેમણે નક્સલવાદને ડામવા માટે નક્સલવાદ પ્રભાવિત વિસ્તારોમાં ચાર નવી બટાલિયન શરૂ કરી હતી. આ ઉપરાંત તેમણે નક્સલવાદને ડામવા માટે પણ અનેક મહત્ત્વની કામગીરી કરી હતી. ઉલ્લેખનીય છે કે, પૂર્વ રૉ પ્રમુખ રાજિન્દર ખન્ના અધિક NSA છે, જ્યારે નિવૃત્ત આઈપીએસ અધિકારી ટી.વી. રવિચંદ્રન અને પૂર્વ આઈએફએસ અધિકારી પવન કપૂર ડેપ્યુટી એનએસએ છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

અફરાતફરીનો વીડિયો વાયરલ

# જૂથ અથડામણ વચ્ચે સરપંચના પતિએ હવામાં ફાયરિંગ કર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)બનાસકાંઠા

દાંતીવાડાના ઓઢવા ગામમાં બે ટોળા વચ્ચે જૂથ અથડામણમાં ફાયરિંગ થયાની ગંભીર ઘટના સામે આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર આ ફાયરિંગ કરનાર અન્ય કોઈ નહીં પરંતુ હાલના મહિલા સરપંચના પતિ રમેશ ભુતેડિયાએ કરી હોવાનું સામે આવ્યું છે. જેના કારણે ગામમાં અફરા તફરી સર્જાતા લોકામાં ભયનો માહોલ સર્જાયો છે. જોકે ઘટનાની જાણ થતા જ પોલીસે ઘટનાસ્થળે પહોંચીને મામલો થાડે પાડી સરપંચના પતિને દબોચીને ૧૦ જેટલા શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ આ ઘટના દાંતીવાડા તાલુકાના ઓઢવા ગામે ગઈકાલે (શનિવારે) બે જૂથો વચ્ચે સામાન્ય બબાલ શરુ થયા બાદ બની હતી. જે આગળ જતા ઉગ્ર સ્વરુપ ધારણ કરતા ગામના મહિલા સરપંચના પતિ રમેશ ભુતેડીયાએ બારાબોર બંદૂક વડે હવામાં ફાયરિંગ કર્યું હતું. જેના કારણે ગામમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. હાલ આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં દાંતીવાડા પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી રમેશ ભુતેડીયાની અટકાયત કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ઓઢવા ગામમાં સરપંચની ચૂંટણીની જૂની અદાવતને કારણે ગઈકાલે બે જૂથો વચ્ચે ઝઘડો થયો હતો. આ ઝઘડા દરમિયાન સરપંચના પતિ રમેશ ભુતેડીયાએ બારાબોરની બંદૂકમાંથી હવામાં એક ફાયરિંગ કર્યું હતું. આટલું જ નહીં રમેશ ભુતેડીયા સહિતના ટોળાએ હુમલો કરી બે લોકોને ઈજાગ્રસ્ત કર્યા હોવાનો આરોપ છે. જેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે અને ૧૦ લોકો વિરુદ્ધ ફરિયાદને આધારે કાર્યવાહી શરુ કરી છે. આ ઘટનામાં પીડિત મુકેશ ચૌધરીએ રમેશ ભુતેડીયા સહિત ૧૦ શખ્સો સામે દાંતીવાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવાયું છે કે, સરપંચના પતિ અને તેના સાથીઓએ જીવલેણ હુમલો કર્યો અને હવામાં ફાયરિંગ કરી ગામમાં ભયનો માહોલ સર્જ્યો હતો. નોંધનીય છે કે આ ફાયરિંગના બનાવમાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ બે લોકોને ઈજા થઈ હોવાનું સામે આવ્યું છે. જેની જાણ થતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે અને રમેશ ભુતેડીયાને અટકાયતમાં લઈ વધુ તપાસ શરૂ કરી હતી.આ ઘટનાને લઈને ઓઢવા ગામમાં તણાવનો માહોલ છે. વાયરલ વીડિયોમાં રમેશ ભુતેડીયા બંદૂક લઈ ફરતા અને હવામાં ફાયરિંગ કરતા જોવા મળ્યા હતા, જેનાથી ગામમાં આક્રોશ ફેલાયો હતો.

# મોદી સરકારને ખેડુત સાથે મજાક ભારે પડશે : સહાયને સરકારના મોં પર મારશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ઉદ્યોગપતિના ખિસ્સા ભરવા જાણીતી બનેલી મોદી સરકાર ખેડુતોની કેવી મજાક ઉડાડી રહી છે , તેનો એક કિસ્સો હાલ ખુબ ચર્ચામાં છે, આ કિસ્સાએ મોદી સરકારની મોટી મોટી ખેડુતહીતની વાતોની પોલ ખોલીને મુકી દીધી છે. કુદરતી આફતને કારણે પાક ના નુકશાનની ભરપાઈ કરવા માટે સરકાર ખેડુતોને વળતર આપે છે, આ માટે કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૧૬ માં પ્રધાનમંત્રી ફસલ બિમા યોજના નામની યોજના શરૂ કરી હતી. આ યોજનાનો લાભ આપવામાં સરકારે ખેડુતોને છેતર્યા છે, મધ્ય પ્રદેશમાં ખંડવા જિલ્લાના ખેડુત રાજેન્દ્ર પ્રજાપતિ સાથે સરકારે મોટી છેતરપીંડી કરી છે , તેમને લગભગ ૭ લાખ રૂપીયાના પાકના નુકશાન સામે વળતર માત્ર ૧૨૭૪ રૂપીયા મળ્યા છે. આનાથી ગુસ્સે થઈને રાજેન્દ્ર પ્રજાપતિએ આ રકમ પ્રધાનમંત્રીને પાછી મોકલવાનુ નકકી કર્યુ છે. ખંડવાના રહેવાસી ખેડુત રાજેન્દ્ર પ્રજાપતિ ઈંટના ભઠ્ઠામાં કામ કરે છે, તેમની પાસે ૨૫ એકર પૈતૃક જમીન છે, જેમાંથી તેમણે ૨૦૨૪ માં ૨૧ એકર જમીનમાં સોયાબીનનો પાક વાવ્યો હતો, આ માટે રાજેન્દ્ર પ્રજાપતિએ બેંકમાંથી કિસાન ક્રેડીટ (કેસીસી) લોન લીધી હતી અને ૬ હજાર રૂપીયાનુ વીમા પ્રિમિયમ બેંક દ્વારા કંપનીને સીધુ ચુકવવામાં આવ્યુ હતું. ઓછા વરસાદને કારણે, આખો સોયાબીન પાક બરબાદ થઈ ગયો હતો, પાકના નુકશાનની માહિતી મળતા વિમા કંપનીના સર્વેયર સ્થળ પર આવ્યા અને પાકના નુકશાનનુ મુલ્યાંકન કર્યુ હતુ, પીડીત ખેડુત રાજેન્દ્ર પ્રજાપતિએ જણાવ્યુ હતુ કે વિમા કંપનીએ મને કહ્યુ કે ૧૦ ટકા પ્રિમિયમ રકમમાંથી તેનુ યોગદાન ફકત ૨ ટકા એટલે કે ૬ હજાર રૂપીયા છે, જયારે બાકીના ૪ ટકા કેન્દ્ર સરકાર અને ૪ ટકા રાજય સરકાર દ્વારા ઉઠાવવામાં આવે છે, આમ કુલ ૩૦ હજાર રૂપીયા વિમા કંપનીને ચુકવવામાં આવ્યા હતા. રાજેન્દ્ર પ્રજાપતિએ જણાવ્યુ હતુ કે ૨૧ એકર જમીનમાં સરેરાશ ઉત્પાદન પ્રતિ એકર ૭ કિવન્ટલ થવાનુ હતુ, આ હિસાબે તેમને લગભગ ૧૪૦ કિવન્ટલ સોયાબીન મળવુ જોઈતુ હતુ, તે સમયે બજાર કિંમત પ્રતિ કિવન્ટલ ૫ હજાર રૂપીયા હતી, જેનાથી પાકની કુલ કિંમત ૭ લાખ રૂપીયાની આસપાસ થઈ જતી હતી, વિમા યોજનાના નિયમો અનુસાર ૫૦ ટકા થી વધુ પાકના નુકશાન સામે ઓછામાં ઓછા ૩ લાખ ૪૦ હજાર રૂપીયાનો દાવો મળવા જોઈતો હતો. પરંતુ જયારે દાવાની રકમ આવી ત્યારે તે માત્ર ૧૨૭૪ રૂપીયા જ હતા. રાજેન્દ્ર પ્રજાપતિ એ જણાવ્યુ હતુ કે સરકારે ખાત્રી આપી હતી કે પાકના નુકશાનના કિસ્સામાં યોગ્ય વળતર આપવામાં આવશે. મેં સખત મહેનતથી પાક વાવ્યો હતો, પરંતુ નુકશાન પછી મળેલુ વળતર મજાક જેવુ છે, હું આ ૧૨૭૪ રૂપીયા વડાપ્રધાનને પાછા મોકલીશ, હું સોમવારે એફડી કરીને પાછા મોકલીશ,

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad, Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002. and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424, Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA



વિકસિત ભારત
વિકસિત ગુજરાત
શહેરી વિકાસ વર્ષ 2025ની ઉજવણીના ભાગરૂપે
માનનીય વડાપ્રધાન
શ્રી નરેન્દ્ર મોદીના
વરદ્હસ્તે
₹5,477 કરોડના વિકાસલક્ષી વિવિધ પ્રકલ્પોનાં
લોકાર્પણ અને ખાતમુહૂર્ત
25 ઑગસ્ટ 2025, સોમવાર | સાંજે 5:00 વાગે
સ્થળ: ખોડલધામ ગ્રાઉન્ડ, નિકોલ, અમદાવાદ
ગરિમામયી ઉપસ્થિતિ
આચાર્ય દેવવ્રત
માનનીય રાજ્યપાલશ્રી, ગુજરાત
અતિથિ વિશેષ
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત
વિશેષ ઉપસ્થિતિ
શ્રી સી. આર. પાટીલ
માનનીય કેન્દ્રીય જલ શક્તિ મંત્રી, ભારત
કેન્દ્રીય રેલ મંત્રાલય હેઠળ રાજ્યમાં ₹1,404 કરોડની રેલવે સુવિધાઓ
મહેસાણા-પાલનપુર રેલખંડ ડબલિંગથી અમદાવાદ-દિલ્હી રૂટ પર ટ્રાફિક કંજેશન ઘટશે
બ્રોડ ગેજમાં રૂપાંતરણથી બેચરાજી-રણુજ અને કટોસણ રોડ-કડી-કલોલ વિસ્તારના સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહન મળશે અને ઉત્તમ લોજિસ્ટિક સુવિધા ઉપલબ્ધ થશે
કટોસણ-કડી-કલોલના લોકોને સાબરમતી માટે સીધી ટ્રેન તથા બેચરાજીથી રણુંજ થઈને ઉત્તર ભારત માટે પ્રથમ વખત ફ્રેટ ટ્રેનની સુવિધા
શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગ તેમજ મહેસૂલ વિભાગ હેઠળ, અમદાવાદ અને ગાંધીનગરને ₹2,644 કરોડની જનસુવિધાઓ
₹1,624 કરોડના ખર્ચે સરદાર પટેલ રિંગ રોડનું 6 લેનમાં વિસ્તૃતીકરણ
હજારો પરિવારો માટે આવાસ અને ઝૂંપડપટ્ટીઓનો પુનર્વિકાસ
નવી ડ્રેનેજ સિસ્ટમ, સિવરેજ નેટવર્ક અને જળ વિતરણ સ્ટેશન્સનું નિર્માણ
લૉ-ગાર્ડન સહિત અનેક પ્રમુખ ક્ષેત્રોના બ્યુટિફિકેશન કાર્યોની શરૂઆત
નવા રોડ અને ફ્લાયઓવરથી મળશે ટ્રાફિકજામથી મુક્તિ
આધુનિક ડેટા સેન્ટર અને ટેક્નોલોજી હબનું નિર્માણ
ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ હેઠળ ₹1,122 કરોડની જનસુવિધાઓ
ઉત્કૃષ્ટ વીજળી સપ્લાય માટે વીજ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું આધુનિકીકરણ
66 kV ગોતા સબ-સ્ટેશન અને 66 kV ચાંદખેડા-2 સબ-સ્ટેશનનું નિર્માણ
માર્ગ અને મકાન વિભાગ હેઠળ ₹307 કરોડની જનસુવિધાઓ
વિરમગામ-અમદાવાદ રોડ અને કડી-થોળ-સાણંદ રોડના રીસરફેસિંગ અને રોડ ફર્નિશિંગનાં કાર્યો
અમદાવાદ-મહેસાણા-પાલનપુર રોડ નિર્માણથી ઉદ્યોગો અને રોજગારને પ્રોત્સાહન
બાપા સીતારામ જંકશનથી ગિફ્ટ સિટી રોડનું વિસ્તૃતીકરણ
“ ગુજરાતનો હંમેશાં સંકલ્પ રહ્યો છે,
રાજ્યના વિકાસથી દેશનો વિકાસ,
વિકસિત ભારત માટે વિકસિત ગુજરાત ”
— માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી
રોડ શો રૂટ
હરીદર્શન ચાર રસ્તા
રાજચંદ્ર સોસાયટી ચાર રસ્તા
મેન્ગો પ્લસ સિનેમા ચાર રસ્તા
ખોડલધામ નિકોલ કાર્યક્રમ સ્થળ

# ભાજપનો ગઢ મનાતી મહેસાણા મનપાની ચુંટણીમાં આમ આદમી પાર્ટી પુરી તાકાતથી ઝંપલાવશે : ગોપાલ ઈટાલીયાએ ચુંટણી જીતવા રણશિંગું ફુંકયુ

પ્રતિનિધિ,ગાંધીનગર

આમ આદમી પાર્ટી ગુજરાતમાં પોતાની રાજકીય પકકડ મજબુત કરવા માટે સતત પ્રયાસ કરી રહી છે અને હવે આગામી મહેસાણા મહાનગરપાલિકા (મનપાની) ચુંટણીમાં પણ આમ આદમી પાર્ટી પુરી તાકાતથી મેદાનમાં ઉતરવાની છે, આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ ઈટાલીયાએ મહેસાણા ખાતે ચુંટણી જીતવા માટે રણશિંગુ ફુંકયુ હતું.

ગોપાલ ઈટાલીયાએ જણાવ્યુ હતુ કે પાર્ટી આ ચુંટણીમાં જોરશોરથી પ્રચાર કરશે અને પ્રયાસ કરશે કે મહેસાણાનો મેયર આમ




આદમી પાર્ટીનો બને, ગોપાલ ઈટાલીયાએ મહાનગરપાલિકા વિસ્તારોમાં સુવિધાનો અભાવ પર સવાલો ઉઠાવ્યા હતા. તેમણે કહ્યુ હતુ કે જયાં જયાં મનપા બની છે ત્યાં આજે પણ સુવિધાઓ મળતી નથી તો હવે જે વિસ્તારો વધ્યા છે, ત્યાં કયાંથી સુવિધા મળશે ? તેમણે કહ્યુ હતુ કે મહેસાણા મનપાનો વેરો વધી ગયો છે, છતાં સુવિધાઓ કયારે મળશે તે ભગવાન જાણે , આ મુદ્દાને આમ આદમી પાર્ટી ચુંટણીમાં મુખ્ય એજન્ડા બનાવશે અને લોકોને પાયાની સુવિધાઓ આપવા માટે પ્રતિબધ્ધતા દર્શાવશે.

ગુજરાતમાં પ્રેમ લગ્નના કાયદાને લઈને ચાલી રહેલી ચર્ચા વચ્ચે મહેસાણામાં આમ આદમી પાર્ટી દ્વારા ૩૦ ઓગસ્ટના રોજ એક મહારેલીનુ આયોજન કરવામાં આવ્યુ છે.

આ મહારેલી અંગે પણ ગોપાલ ઈટાલીયાએ કહ્યુ હતુ કે પ્રેમ લગ્નના મુદ્દાને લગતો પ્રશ્ન દેશ અને ગુજરાતમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહ્યો છે અને આ મુદ્દા પર મનોમંથન થવુ અત્યંત જરૂરી છે. વધુમાં ઈટાલીયાએ કહ્યુ કે મેં પોતે પણ આ મુદ્દે વિધાનસભામાં મુખ્યમંત્રીને રજુઆત કરી છે. તેમણે ભાર પૂર્વક જણાવ્યુ હતુ કે સમાજમાં દિકરીઓને લઈને જે ઘટનાઓ બની રહી છે તેના પર સરકારે ચિંતન કરવુ જોઈએ અને યોગ્ય કાયદાકીય સુધારા લાવવા જોઈએ. આ મહારેલીનો મુખ્ય ઉદ્દેશ સરકારનુ ધ્યાન આ ગંભીર સમસ્યા તરફ દોરવાનો છે.

# અમદાવાદમાં સરાજાહેર તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકીને યુવાનની કરાયેલી હત્યાને મામલે ૩ ની ધરપકડ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ગુજરાતની આર્થિક રાજધાની ગણાતા અમદાવાદ શહેરમાં ચોરી, હત્યા અને લુંટ સહિતના ગંભીર ગુન્હામાં વધારો થયો છે, અમદાવાદ શહેરમાં દિન પ્રતિદિન હત્યાઓનો પ્રમાણ વધી રહ્યુ છે, દરમિયાન શહેરના કાગડાપીઠ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કેટલાક શખ્સોએ યુવાનનુ અપહરણ કરાયા બાદ જાહેરમાં તિક્ષ્ણ હથિયારના ઘા ઝીકીને હત્યા કરી હતી, આ ઘટનાને પગલે અમદાવાદીઓમાં ભયનો માહોલ ફેલાયો છે, તો બીજી તરફ પોલીસે પણ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને આરોપીઓને ઝડપી લેવાની કવાયત શરૂ કરી હતી, પોલીસે સમગ્ર ઘટનામાં ૩ આરોપીઓની ધરપકડ કરી હોવાનુ બહાર આવ્યુ છે. પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર શહેરના કાગડાપીઠ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૧૦ જેટલા શખ્સોએ એક યુવાનનુ અપહરણ કર્યુ હતું. દરમિયાન જાહેરમાં રોડની



વચ્ચોવચ ૧૦ થી વધુ લોકોએ ઘાતક હથિયાર સાથે યુવક પર તુટી પડયા હતા. જયાં યુવકના ભાઈ પર હુમલો થયો હતો, એ જગ્યા પર યુવકની જાહેરમાં હત્યા કરવામાં આવી હતી, કાગડાપીઠ પોલીસે આરોપીઓ સામે અપહરણ અને હત્યાનો ગુન્હો દાખલ કર્યો છે, પોલીસે વિજય વાઘેલા, શૈલેષ ગૌતમ, પુનમ પટણી નામના આરોપીઓની ધરપકડ કરી છે. તેમજ પોલીસે ગુન્હામાં વપરાયેલી બે રીક્ષા ઝડપી લીધી છે, થોડા દિવસો અગાઉ ૧૯ ઓગસ્ટે મેઘાણીનગરમાં બબાલ થઈ હતી. સતિષ અને તેની ગેંગે વિપુલ પર હુમલો કર્યો હતો, આ ઘટનામાં મૃતક સામે હત્યાના પ્રયાસનો ગુન્હો દાખલ થયો હતો. મુખ્ય આરોપી વિજય ઉર્ફે બટ્ટા નો ગુન્હાહીત ઈતિહાસ છે. કુલ ૬ આરોપીઓ સામે ફરીયાદ નોંધવામાં આવી હતી. પોલીસની ૫ ટીમ બનાવીને વિજય વાઘેલા, શૈલેષ ગૌતમ અને પુનમ પટણી નામના આરોપીને ઝડપી લીધા છે, સીસીટીવી ફુટેજ અને પુછપરછ આધારે વધુ તપાસ હાથ ધરી છે, અમદાવાદમાં દિન દહાડે હત્યાથી અમદાવાદવાસીઓમાં ફફડાટ ફેલાયો છે.

# અમદાવાદમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વાગતને લઈ અમદાવાદ શહેરને નવોઢા દુલ્હનની જેમ રોડ રસ્તાઓને સજાવાયા

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજથી ગુજરાતના બે દિવસના પ્રવાસે આવી રહ્યા છે ત્યારે અમદાવાદના નિકોલમાં વડાપ્રધાન મોદી રોડ શો કરશે અને ત્યારબાદ સભા પણ યોજશે, ત્યારે વડાપ્રધાનના સ્વાગત માટે અમદાવાદીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

અમદાવાદના રોડ રસ્તાઓ નવોઢા દુલ્હનની જેમ સજાવવામાં આવ્યા છે. નિકોલમાં વડાપ્રધાન મોદી દોઢ કિ.મી. નો રોડ શો કરશે અને તિરંગા સિંદુરના હોર્ડિંગ્સ સહિત બેનરો પણ નિકોલમાં લગાડવામાં આવ્યા છે. વડાપ્રધાન મોદી આજે સાંજે અમદાવાદ આવશે. જેમાં તેઓ સાંજે ૫:૪૫ કલાકે અમદાવાદ આવશે. અમદાવાદ એરપોર્ટ થી નિકોલ સભા સ્થળે જશે. હરી દર્શન ચાર રસ્તાથી દોઢ કિ.મી.નો રોડ શો યોજાશે, સાંજે ૬ થી ૭ દરમિયાન નિકોલ સભામાં ઉપસ્થિત રહેશે, નિકોલમાં વિવિધ વિકાસ કામોનુ લોકાર્પણ કરશે અને નિકોલની સભા બાદ વડાપ્રધાન મોદી રાજભવન જશે. તો બીજા દિવસે એટલે કે ૨૬ ઓગસ્ટ ના રોજ સવારે ૯:૫૦ કલાકે વડાપ્રધાન હાંસલપુર જવા રવાના થશે અને સુઝુકીના બેટરી પ્લાન્ટના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. ત્યારબાદ બપોરના ૧૨:૪૫ કલાકે અમદાવાદ એરપોર્ટ થી દિલ્હી જવા રવાના થશે.

૨૫ ઓગસ્ટે વડાપ્રધાન મોદી નિકોલમાં જાહેર સભા યોજશે જેમાં જાહેરસભાને લઈ કેટલાક માર્ગોને ડાયવર્ટ કરાયા છે. જેમાં પોલીસ કમિશ્નરે જાહેરનામુ બહાર પાડયુ છે. વડાપ્રધાનની જાહેરસભાને લઈ કેટલાક માર્ગો બંધ રહેશે. જેમાં



એમએસ સ્કુલ ચાર રસ્તાથી ભક્તિ સર્કલ સુધીનો માર્ગ બંધ રહેશે, ભક્તિ સર્કલથી હરી દર્શન ચાર રસ્તા સુધીનો માર્ગ બંધ રહેશે. ઓમકાર પ્લાઝા થી દેવસ્ય સ્કુલ ચાર રસ્તા સુધી માર્ગ બંધ રહેશે, સામાન્ય વાહનો માટે વૈકલ્પિક રૂટ જાહેર કરાયો છે, એમએસ સ્કુલ ચાર રસ્તાથી દાસ્તાન સર્કલ સુધીનો માર્ગ ચાલુ રહેશે અને દાસ્તાન સર્કલ થી સુકુન ચાર રસ્તા સુધીનો માર્ગ ચાલુ રહેશે તેવી માહિતી સામે આવી છે.

# દહેજ હાઈવે પરથી રૂપિયા ૮૫ લાખના દારૂ સાથે એકની ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)દહેજ

દહેજ હાઈવે ઉપર આવેલ રામદેવ હોટલ પાસેથી ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે રૂ. ૮૫ લાખના દારૂના જથ્થા સાથે એક શખ્સને ઝડપી પાડી કુલ રૂ.૧ કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

લોકલ ક્રાઈમ બ્રાન્ચને માહિતી મળી હતી કે, ભરૂચથી દહેજ જતા રોડ ઉપર ભેંસલી ગામ નજીક રામદેવ રાજસ્થાની હોટલ પાસે પાર્ક આઈસર ટેમ્પોમાં વોટર ટેંકમાં દારૂનો જથ્થો સંતાડી લઈ જવાય છે. જેથી પોલીસે ધાતુની વોટર ટેંક કટર વડે કાપતા તેમાંથી દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે ૫૬૬ પેટીમાંથી રૂ. ૮૫, ૮૭,૪૦૦ની દારૂની નાની - મોટી કુલ રૂ.૧૬,૬૩૦ બોટલ, રૂ.૪૦ હજારની કિંમતની વોટર સ્ટોરેજ ટેંક, રોકડા રૂ ૪,૯૦૦, મોબાઈલ ફોન તથા ટેમ્પો સહિત કુલ રૂ. ૧,૦૬,૩૭,૩૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

આરોપી જેસારામ વિશનારામ જાટ (રહે- રાજસ્થાન)એ કબુલાત કરી હતી કે, રાહુલ નામના વ્યક્તિએ ઉત્તરાખંડથી દારૂનો જથ્થો ભરાવી આપ્યો હતો. અને સંપર્કમાં રહી દહેજ જતા રસ્તા પર પાર્ક કરવા જણાવ્યું હતું અને આગળ વડોદરા તરફ જવાની સૂચના હતી.

# સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નજીક નદીમાં એક શ્રમિક વ્યકિત ફસાઈ જતા ૪ કલાકની જહેમત બાદ બહાર કાઢયો: બોટની મદદથી સહીસલામત વ્યકિતને બહાર કઢાયો

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના વાઘપુર ગામ નજીક સાબરમતી નદીમાં એક શ્રમિક વ્યકિત ફસાઈ જતાં ફાયર ટીમ દ્વારા ૪ કલાકની જહેમત બાદ રેસ્કયુ કર્યુ સહી સલામત બહાર કાઢવામાં આવ્યો હતો. હવામાન વિભાગની આગાહી અનુસાર ઉત્તર ગુજરાતમાં સાબરકાંઠા જિલ્લામાં



ભારે વરસાદ પડી રહ્યો છે. જેના કારણે કેટલાક નીચાણવાળા વિસ્તારોમાં પાણીનો ભરાવો થયો છે.ત્યારે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના વાઘપુર ગામ નજીક સુર્ય કુંડ પાસે બની રહેલ મકાનમાં કામ કરતો શ્રમિક કાળુ ખેર નજીક આવેલ સાબરમતી નદીમાં માછલા પકડવા ગયો હતો જો કે નદીમાં અચાનક પાણી છોડવામાં આવતા ધસમસતો પાણીનો પ્રવાહ જોવા મળ્યો હતો. એકાએક પાણી વધતા કાળુ ખેર એક ટેકરી ઉપર ચડી ગયો હતો. જયાં બાવળના ઝાડને પકડીને બેસી ગયો હતો અને બુમાબુમ કરતા નદી કાંઠેથી પસાર થતા એક વ્યકિત અવાજ સાંભળી જતા પ્રાંતિજ પોલીસને જાણ કરી હતી. બનાવની જાણ થતાં જ પ્રાંતિજ પોલીસ સહિત ફાયર ટીમ તાત્કાલીક ઘટનાસ્થળે દોડી આવી હતી. જયાં રેસ્કયુ ઓપરેશન હાથ ધરી લગભગ ૪ કલાકની જહેમત બાદ કાળુ ખેર ને બહાર કાઢવામાં આવ્યો હતો.

### ગાંધીનગરમાં આજે ભાજપની બેઠકઃ વડાપ્રધાનના જન્મ દિવસની ઉજવણી ની તૈયારી

# આજે વડાપ્રધાનના ગુજરાત પ્રવાસને લઈ ભાજપના તમામ ધારાસભ્યોઃ પ્રમુખો ને કમલમમાં હાજર રહેવા છુટયા આદેશ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આજના પ્રવાસને ધ્યાનમાં રાખીને ભારતીય જનતા પાર્ટી (ભાજપ દ્વારા) ગાંધીનગરના પ્રદેશ ભાજપ કાર્યાલય કમલમ ખાતે મહત્વની બેઠકમાં હાજર રહેવા માટે ભાજપના તમામ ધારાસભ્યો અને પ્રમુખોને આદેશ છુટયા છે.

આ બેઠકનુ મુખ્ય એજન્ડા વડાપ્રધાનના ૧૭ સપ્ટેમ્બર ના જન્મદિવસની ઉજવણી, સેવા સપ્તાહના રૂપમાં કરવા માટેનુ આયોજન અને વડાપ્રધાનના ગુજરાત પ્રવાસની તૈયારીઓ છે આ બેઠકમાં ગુજરાતના ભાજપના તમામ ધારાસભ્યો જિલ્લા અને શહેર પ્રમુખો તેમજ પ્રભારીઓને હાજર રહેવા માટેના ગઈ કાલે મોડી રાત્રે આદેશો છુટયા છે. આ બેઠક આજે સવારે કમલમ ખાતે યોજાશે જેની અધ્યક્ષતા પ્રદેશ ભાજપ પ્રમુખ અને કેન્દ્રીય જળશકિતમંત્રી સી આર પાટીલ કરશે. બેઠકમાં વડાપ્રધાનના આગમનની તૈયારીઓ ઉપરાંત ૧૭ સપ્ટેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસની ઉજવણીનું આયોજન




કરવા પર ચર્ચા થશે. ચાલુ વરસે ભાજપ દ્વારા વડાપ્રધાનનો જન્મ દિવસ સેવા સપ્તાહ તરીકે ઉજવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે જે અંતર્ગત રાજયભરમાં સેવાકીય પ્રવૃત્તિઓનુ આયોજન કરવામાં આવશે. આ બેઠકમાં રાજયના તમામ ધારાસભ્યો, જિલ્લા અને શહેર પ્રમુખો તેમજ પ્રભારીઓને હાજર રહેવા માટે સ્પષ્ટ સુચનાઓ આપવામાં આવી છે. જેથી સેવા સપ્તાહના આયોજનને વ્યાપક અને સફળ બનાવી શકાય. બેઠકમાં સેવા સપ્તાહ દરમિયાન આરોગ્ય શિબિરો, રકતદાન શિબિરો, વૃક્ષારોપણ અને સ્વચ્છતા અભિયાન જેવી પ્રવૃત્તિઓનુ આયોજન કરવા પર ચર્ચા થવાની સંભાવના છે.

આ પ્રવાસ દરમિયાન વડાપ્રધાન રાજયમાં અનેક વિકાસલક્ષી પ્રોજેકટનુ ઉદ્‌ઘાટન અને શીલાન્યાસ કરવાના છે, ભાજપના નેતાઓ અને કાર્યકર્તાઓ આ પ્રવાસને સફળ બનાવવા માટે પૂર્વ તૈયારીઓ મા લાગી ગયા છે. વડાપ્રધાનના પ્રવાસને ધ્યાનમાં રાખીને આ બેઠકમાં રાજયના નેતાઓ અને કાર્યકર્તાઓને સંગઠનાત્મક અને વ્યવસ્થાપનની જવાબદારીઓ સોંપવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ૭૫ મો જન્મદિવસ ૧૭ સપ્ટેમ્બરે રાજયભરમાં સેવા સપ્તાહ તરીકે ઉજવવામાં આવશે. આ ઉજવણી અંતર્ગત રાજયના દરેક જિલ્લામાં સેવાકીય પ્રવૃત્તિઓનુ આયોજન કરવામાં આવશે. ભાજપના કાર્યકર્તાઓ દ્વારા આરોગ્ય, શિક્ષણ, પર્યાવરણ અને સ્વચ્છતા જેવા ક્ષેત્રોમાં સેવા કાર્યો હાથ ધરાશે. ગુજરાતમાં ભાજપના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલના નેતૃત્વમાં આ ઉજવણીને યાદગાર અને અસરકારક બનાવવા માટે ખાસ યોજના તૈયાર કરવામાં આવી રહી છે.

પ્રદેશ ભાજપ પ્રમુખ સીઆર પાટીલ જેઓ કેન્દ્રીય જળશકિત મંત્રી પણ છે. તેમના નેતૃત્વમાં ગુજરાત ભાજપે ૨૦૨૨ ની વિધાનસભા ચુંટણીમાં ઐતિહાસિક જીત હાસલ કરી હતી જયાં પાર્ટીએ ૧૮૨ માં થી ૧૫૬ બેઠકો જીતી હતી. આ બેઠકમાં પણ તેમનુ નેતૃત્વ મહત્વનુ રહેશે. કારણ કે તેઓ વડાપ્રધાનના પ્રવાસ અને સેવા સપ્તાહના આયોજનને સફળ બનાવવા માટે રાજયના નેતાઓ અને કાર્યકર્તાઓને માર્ગદર્શન આપશે.

# બાકરોલ ગામના ૨૫ લોકો ફસાયા, પાંચનું કરાયું રેસ્ક્યૂ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ઉપરવાસમાંથી પાણીની આવક થતાં સાબરમતી નદી બે કાંઠે વહેતી થઈ છે. પાણીની આવકના પગલે સાબરમતી નદી પરના વાસણા બેરેજના દરવાજા ખોલી પાણી છોડાયું છે. જ્યારે પાણી છોડતાં બાકરોલ ગામના ૨૫ લોકો ફસાયા છે. જેમાંથી પાંચ લોકોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે. ઘટનાને પગલે નદીકાંઠે ગ્રામજનો એકઠા થયા છે. જ્યારે તંત્રને આ અંગે જાણ કરવામાં આવી છે. જેના પગલે ફાયરબ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી છે.

નોંધનીય છે કે, સાબરમતી નદીમાં નવા નીરની આવક થઈ છે. સાબરમતી નદીમાં પાણીની આવક થતા વાસણા બેરેજના ૨૫ ગેટ ખોલવામાં આવ્યા છે. સાબરમતી નદીમાં હાલ ૫૧૧૨૬ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યુ છે. ઉપરવાસમાં વરસાદના કારણે હજુ વધારે પાણી છોડવાની સંભાવના છે. વટવા, વેજલપુર, દસક્રોઈ અને ધોળકા વિસ્તારમાં રહેતા લોકોએ તકેદારી રાખવા અપીલ કરાઈ છે. ઉપરવાસમાં ભારે વરસાદ પડી રહ્યો છે, ત્યારે ધરોઈ ડેમમાંથી પાણી છોડાતા સાબરમતી નદી બે કાંઠે વહેતી થઈ છે. ઉપરવાસમાં વરસાદ થતાં ધરોઈ ડેમમાંથી પાણી છોડાયું છે. સાબરમતી નદીમાં પાણીની આવક થતા વાસણા બેરેજના ૨૫ ગેટ ખોલવામાં આવ્યા છે.

### સાબરકાંઠાના ૧૭ ગામોમાં પુરનો ખતરો : પાણી છોડવાની કામગીરી શરૂ

# સાબરકાંઠા જિલ્લાના હરણાવ જળાશયોમાંથી પાણી છોડાતા ૧૭ ગામોને કરાયા એલર્ટ : હરણાવ ડેમમાંથી ૨૧૫ કયુસેક પાણી છોડાયું

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લામાં ઉપરવાસ અને સ્થાનિક વિસ્તારોમાં ભારે વરસાદને પગલે હરણાવ જળાશયમાં પાણીની આવક માં નોધપાત્ર વધારો થયો છે. જેને કારણે ડેમની જળસપાટી એલર્ટ લેવલે પહોચી હોવાથી વહિવટી તંત્રે મોડી રાત્રે હરણાવ નદીમાં પાણી છોડવાની કામગીરી હાથ ધરી છે.

આજે રવિવારે જળાશયનો એક દરવાજો ખોલીને ૨૧૫ કયુસેક પાણી નદીમાં છોડવામાં આવ્યુ છે. જયારે ગઈ કાલે રાત્રે પણ એક દરવાજો ખોલીને ૧૦૬૦ કયુસેક પાણી છોડાયુ હતું. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને હરણાવ નદી કાંઠાના ૧૭ ગામોને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે.

ઉત્તર ગુજરાત અને રાજસ્થાનના ઉપરવાસમાં ભારે વરસાદને કારણે હરણાવ, કોસામ્બી અને ભીમાક્ષી નદીઓમાં પાણીનો પ્રવાહ વધ્યો છે. જેને કારણે હરણાવ જળાશયોમાં પાણીની આવક સતત વધી રહી છે.



હવામાન વિભાગે આગામી ૨૪ કલાકમાં સાબરકાંઠા જિલ્લા સહિત ૧૭ જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી કરી છે. જેના કારણે જળાશયની સ્થિતિ નાજુક બની શકે છે. જળાશયની જળસપાટી હજુ પણ એલર્ટ લેવલે હોવાથી ગમે ત્યારે વધુ પાણી છોડવાની શકયતા ઉભી થઈ શકે છે.

હરણાવ નદી કાંઠાના ૧૭ ગામો જેમાં ખેડબ્રહ્મા, વડાલી અને ઈડર તાલુકાના ૧૭ ગામડાઓનો સમાવેશ થાય છે. તેમને સાવચેતીના ભાગરૂપે એલર્ટ જાહેર કરવામાં આવ્યા છે. વહિવટી તંત્રે નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સલામત સ્થળે ખસેડવાની સુચના આપી છે. ખેડબ્રહ્મા નજીક હરણાવ, કોસામ્બી અને ભીમાક્ષી નદીઓના સંગમ સ્થળે પાણીનો પ્રવાહ ઝડપી બન્યો હોવાથી આ વિસ્તારોમાં ખાસ ચેતવણી જાહેર કરાઈ છે.

હરણાવ જળાશયમાંથી પાણી છોડવાની પ્રક્રિયા નિયંત્રિત રીતે ચાલી રહી છે. આજે રવિવારે સવારે એક દરવાજો ખોલીને ૨૧૫ કયુસેક પાણી છોડવામાં આવ્યુ છે. ગઈ કાલે મોડી રાત્રે ૧૦૬૦ કયુસેક પાણી નદીમાં છોડાયુ હતું. આ ઉપરાંત ધરોઈ જળાશયમાં પણ ૯૨૬ કયુસેક પાણીની આવક નોંધાઈ હોવાનુ જાણવા મળી રહ્યુ છે. જે સાબરમતી નદીમાં વધુ પાણીનો પ્રવાહ વધારી શકે છે.

વહિવટી તંત્રે પુરની સંભાવનાને ધ્યાનમાં રાખીને એનડીઆરએફ અને એસડીઆરએફ ની ટીમોને તૈનાત કરી છે. નદી કાંઠે રહેતા લોકોને નજીકના સલામત સ્થળોએ ખસી જવા તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે. ખેડબ્રહ્મા અને વડાલી તાલુકાના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવવાની શકયતાને ધ્યાનમાં રાખીને નીતાર વ્યવસ્થાને સુધારવાના પ્રયાસો ચાલી રહ્યા છે. ભારે વરસાદ અને જળાશયમાંથી પાણી છોડવાને કારણે ખેડબ્રહ્મા, વડાલી અને ઈડર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ખેતીવાડીને નુકશાન થવાની શકયતા છે.

# અરવલ્લી જિલ્લાના શામળાજીનો મેશ્વો ડેમ ઓવરફલો : નદી કિનારાના ગામડાઓને કરાયા એલર્ટ : લાંક અને વારાંશી જળાશયમાં ૩૦૦ કયુસેક પાણીની થઈ આવક

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે દિવસથી ભારે વરસાદ પડી રહ્યો છે તો બીજી તરફ ઉપરવાસમાં પડેલા ભારે વરસાદના કારણે શામળાજીના મેશ્વો ડેમમાં પાણીની આવક થઈ રહી છે અને ડેમ એલર્ટ મોડમાં છે. ત્યારે તંત્ર દ્વારા ભિલોડા તાલુકાના નદી કિનારાના ગ્રામ્ય વિસ્તારોને એલર્ટ કરી દેવામાં આવ્યા છે.

બે દિવસ ભારે વરસાદની આગાહી હોય જેથી જળાશયમાં પાણીની આવક સતત વધી રહેલ છે. શામળાજી ખાતે આવેલ મેશ્વો ડેમમાં ૨૦૯ કયુસેક પાણીની આવક થઈ રહી છે. ૯૧ ટકા મેશ્વો ડેમ ભરાઈ ગયો છે અને પાણીની સતત આવક ચાલુ રહેતા ઓવરફલો થયેલ ડેમમાંથી વેસ્ટ વીયર થી પાણીનો પ્રહાર મેશ્વો નદીમાં વહી રહ્યો છે. જેથી વહિવટી તંત્ર દ્વારા ભિલોડા તાલુકા પંચાયત દ્વારા મેશ્વો નદી કિનારાના ગામડાઓને એલર્ટ કરી દેવામાં આવ્યા છે. ભિલોડા તાલુકાના શામળાજી, બહેચરપુરા, ભવાનપુર, ખેરંચા, ખારી, વીજાપુર, સોનપુર, વાંદીયોલ, બ્રહ્મપુરી, ગડાદર અને જાલીયા તથા આજુબાજુના અસર થઈ શકે તેવા હોય તમામ વિસ્તારોને જાણ કરવામાં આવેલ છે. તેમજ ગ્રામ પંચાયત તલાટીઓને પોતાનુ સ્થળ ન છોડવા માટે તંત્ર દ્વારા સુચનાઓ આપી દેવામાં આવી છે. અસરગ્રસ્ત વ્યકિતઓને સલામત સ્થળે ખસેડી દેવા તંત્ર દ્વારા જાણ કરવામાં આવી છે. તો બીજી તરફ લાંક અને વારાંશી તેમજ મેશ્વો ડેમમાં પાણીની આવક સતત વધી રહી છે.



# સાબરમતી નદીમાં પાણી છોડાયુંઃ વિજાપુર-હિંમતનગર હાઈવે પર આવેલ દેરોલ બ્રિજ બંધ કરાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)વિજાપુર

ઉત્તર ગુજરાતમાં અનરાધાર વરસાદ વરસ્યો છે. ત્યારે સાબરમત નદીમાં પાણીની વધારે આવક થઈ છે. જેના પગલે સાબરકાંઠાના વિજાપુર હિંમતનગર સ્ટેટ હાઈવે પર આવેલા દેરોલ બ્રિજ તંત્ર દ્વારા બંધ કરાયો છે. મહેસાણા સ્ટેટ આર એન્ડ બી દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. તમામ વાહનો માટે બ્રિજ પરથી સંપૂર્ણ અવરજવર પર બંધ ફરમાવાયો છે. સાબરમતી નદીમાં પાણીનું લેવલ વધુ હોવાના કારણે હાલ બ્રિજ પર અવરજવર બંધ કરાઈ છે. પાણીનું લેવલ ઘટ્યા બાદ સામાન્ય વ્હીકલ માટે બ્રિજ શરુ કરાશે. તકેદારીના ભાગરુપે હાલમાં બ્રિજને સંપૂર્ણપણે બંધ કરવામાં આવ્યો છે. આ અગાઉ પણ ભારે વાહનો માટે આ બ્રિજને બંધ કરાયો હતો.